## ઝાલોદના મહે. એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મુ. ઝાલોદ

ક્રિ.કે.નં. ૨૮૬૦/૨૦૨૫
આંક–

ફરીયાદી:– શ્રી સરકાર.

**વિરુધ્ધ**

આરોપી:– કનુભાઇ ભુરજીભાઇ ડામોર
રહે. જેતપુર મગરોળ ફળીયુ, તા.ઝાલોદ જી.દાહોદ

**ગુન્હો:– ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ ૬૫ ( એ )( એ ) મુજબ.**

(૧) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપી ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે વગર પાસ પરમીટનો, ગેરકાયદેસર દારૂ, પોતાના કબ્જામાં રાખી, મળી આવી પકડાઇ જતાં, તે સબબની ફરિયાદ ફરિયાદીએ આપતાં ફરિયાદીની ફરિયાદ ઉપરથી તપાસ કરનાર અમલદારે તપાસ કરી આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એક્ટની ઉપરોક્ત કલમ મુજબના ગુન્હાઓ સબબનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને સમન્સ બજતા તે આ અદાલત સમક્ષ હાજર થયેલા અને આરોપીને પોલીસ તપાસની નકલો પુરી પાડ્યા બાદ આરોપીએ આજરોજ તેઓ ગુનો કબુલ કરવા માગે છે તેવી પુરસીસ રજુ કરતાં તે પુરસીસ રેકર્ડ ઉપર નોંધવામાં આવેલ છે અને આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે જે પ્લીમાં તેમની સામેના ગુનાનું તહોમતનામું વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીએ ગુનો કબુલ કરેલ છે અને આરોપીની કબુલતા સ્વૈચ્છીક હોવાથી આરોપીની કબુલાત સ્વીકારવામાં આવે છે અને આરોપીને તેઓની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપી જણાવે છે કે, તેઓનો પ્રથમ ગુનો છે, તેઓ ગરીબ અને બાળ બચ્ચાવાળા માણસ છે અને કુટુંબમાં એકલા જ કમાનાર છે. હવે પછી આવો ગુન્હો નહી કરે તેવી ખાતરી આપે છે જેથી દયા કરવા અરજ કરેલ છે.

(૩) આરોપીની રજુઆત અને તેની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ તથા નામદાર વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાને લેતા નીચલી અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઇ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે અને સદરહુ ચુકાદાના પાના નં.૭૨૧ પર પેરા નં.૨૧ માં જે કારણો જણાવે છે તે ધ્યાને લેતા ઉપરોક્ત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઇ કાયદામાં ઠરાવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વાજબી અને વિશિષ્ટ કારણો છે. તેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઇએ તેમ હું નમ્ર પણે માનું છું. આથી સજા અંગે આરોપીના વિ.વકીલશ્રીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**:: હુકમ ::**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ. કલમ – ૨૬૪ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ )( એ ) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા. ૨૦૦/– ( અંકે રૂપિયા બસો પુરા)નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે, અને દંડ ના ભરે તો દિન–૦૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ– ૧૪/૦૩/૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગ જજ તરીકે વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૦૩/૨૦૨૬

ઝાલોદ.

(સુહેલ અબ્દુલ રસીદ ટેલર)
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ઝાલોદ
(Code No.GJ00990)